# 2107 કરોડનું બજેટ મિનિટોમાં પાસ!

**નવસારી** જિલ્લા પંચાયતના હજારો કરોડના ખર્ચ અંગે એકપણ સભ્યને ચર્ચા કરવાનું જરૂરી ન લાગ્યું? 20થી વધુ એજન્ડા મુદ્દાઓને તાત્કાલિક બહાલી

**રાષ્ટ્રગીત** પહેલાં જ 7 સભ્ય નીકળી ગયા, ચર્ચા, શિસ્ત અને જવાબદારી ત્રણેય પર ગંભીર સવાલ



નવસારીઃ નવસારી જિલ્લા પંચાયતની કાર્યકાળની અંતિમ સામાન્ય સભાએ લોકશાહી પ્રક્રિયાની વાસ્તવિકતા પર કડવો પ્રશ્ન ઊભો કર્યો છે. વર્ષ 2026-27 માટે કુલ 2107.14 કરોડનું બજેટ, જેમાં 1350 કરોડના ખર્ચ સામે આશરે 756 કરોડનું સરપ્લસ દર્શાવવામાં આવ્યું હતું, તે કોઈ ચર્ચા, પ્રશ્નોત્તરી કે સૂચન વગર જ મિનિટોમાં સર્વાનુમતે મંજૂર કરી દેવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ પરેશ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતા સહિત અધિકારીઓ અને સભ્યો હાજર રહ્યા હતા. પરંતુ હજારો કરોડના જાહેર નાણાં ક્યાં ખર્ચાશે, પ્રાથમિકતા શું રહેશે અને પરિણામ શું મળશે, તે અંગે એકપણ સભ્યે ચર્ચા કરવાનું જરૂરી માન્યું નહોતું. સ્થિતિ એવી રહી કે જાણે નિર્ણય પહેલેથી નક્કી હોય અને સભા માત્ર સહી-મુદ્દા માટે બોલાવવામાં આવી હોય.

બજેટ સિવાય એજન્ડામાં સમાવાયેલા 19થી વધુ મુદ્દાઓને પણ મિનિટોમાં બહાલી આપવામાં આવી હતી. જિલ્લા અને તાલુકા પંચાયતના કેસો માટે વકીલોની પેનલ, નાણાં પંચના કાર્યો, હુડકો લોનના માંડવાળ તેમજ નવસારી મહાનગરપાલિકા રચાયા બાદ રસ્તાઓ હસ્તાંતર કરવા જેવા મહત્ત્વના નિર્ણયો પણ ચર્ચા વિના મંજૂર થઈ ગયા. વિબીજી રામજી યોજના હેઠળ આગામી વર્ષમાં આશરે 44 કરોડના ખર્ચની જાહેરાત કરવામાં આવી. માહિતી આપવામાં આવી અને તરત મંજૂરી પણ મળી ગઈ.

બજેટમાં સ્વભંડોળમાંથી 36.38 કરોડ અને સરકારી ગ્રાન્ટમાંથી 1444.36 કરોડના વિકાસ કાર્યોનું આયોજન દર્શાવવામાં આવ્યું છે. શિક્ષણ માટે 465.16 કરોડ, આરોગ્ય માટે 115.90 કરોડ અને રસ્તા-પુલ માટે 121.70 કરોડ જેવી મોટી જોગવાઈઓ કરવામાં આવી છે. છતાં આટલા મોટા જાહેર નાણાંના ઉપયોગ અંગે સભામાં એકપણ ગંભીર ચર્ચા ન થવી પારદર્શિતા અને જવાબદારી બંને પર પ્રશ્નચિહ્ન મૂકે છે.

બેઠકનો સૌથી ચોંકાવનારો દૃશ્ય ત્યારે સામે આવ્યો જ્યારે સભા પૂર્ણ થાય તે પહેલાં જ રાષ્ટ્રગીત અગાઉ સાત સભ્યો બેઠક છોડીને નીકળી ગયા હતા. કાર્યકાળની અંતિમ બેઠકમાં પણ આવી ઉતાવળે સંસ્થાની ગૌરવ અને લોકપ્રતિનિધિઓની પ્રતિબદ્ધતા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. લોકશાહી માત્ર સર્વાનુમતિથી નહીં, પરંતુ ચર્ચા, મતભેદ અને જવાબદારીથી મજબૂત બને છે. પરંતુ અહીં જે બન્યું તે એક કડવી હકીકત તરફ ઈશારો કરે છે. હજારો કરોડના નિર્ણય મિનિટોમાં, પ્રશ્નો શૂન્ય અને લોકશાહી માત્ર હાજરી નોંધાવવાની પ્રક્રિયા બની ગઈ.

# નવસારી શહેર કોંગ્રેસમાં નવા પ્રમુખ સામે ઉગ્ર વિરોધ

**સામૂહીક** રાજીનામાની ચેતવણી સાથે આરપારની તૈયારી, શહેર સંગઠનમાં જૂથબાજી ખુલ્લેઆમ બહાર

**દીપક** બારોટની નિમણૂકને "થોપાયેલું નેતૃત્વ" કહી કાર્યકર્તાઓનો રોષ, પ્રભારીને બે દિવસનું અલ્ટિમેટમ

નવસારીઃ નવસારી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે દીપક બારોટની નિમણૂક બાદ શહેર સંગઠનમાં દબાયેલો અસંતોષ હવે ખુલ્લા બળવાના સ્વરૂપમાં ફાટી નીકળ્યો છે. વર્ષોથી પક્ષ માટે કાર્યરત રહેલા હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ આ નિર્ણયનો ઉગ્ર વિરોધ નોંધાવી સમૂહ રાજીનામાની ચેતવણી આપતા શહેર કોંગ્રેસમાં રાજકીય તાપમાન અચાનક વધી ગયું છે.

વિરોધ વધતા શહેર કોંગ્રેસના પ્રભારી અસલમ સાયકલવાળા તાત્કાલિક નવસારી પહોંચ્યા હતા અને સર્કિટ હાઉસ ખાતે નારાજ કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન કાર્યકર્તાઓએ સંગઠનની પસંદગી પ્રક્રિયા પર ખુલ્લેઆમ સવાલો ઉઠાવ્યા હતા અને મેદાનમાં કામ કરનારાઓની અવગણના કરી નેતૃત્વ ઉપરથી લાદવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.

કાર્યકર્તાઓએ સંગઠનમાં લાંબા સમયથી ચાલી રહેલી જૂથબાજી, અવગણના અને આંતરિક અસંતોષ અંગે પણ તીખી નારાજગી વ્યક્ત કરી હતી. પરિસ્થિતિને ધ્યાનમાં લઈ પ્રભારીએ સમગ્ર મામલો ઉચ્ચ કક્ષાએ રજૂ કરવાની ખાતરી આપી હતી અને અંતિમ નિર્ણય માટે બે દિવસનો સમય માંગ્યો હતો.

બીજી તરફ, વિરોધી ગ્રુપે સ્પષ્ટ કરી દીધું છે કે હવે માત્ર આશ્વાસનથી કામ નહીં ચાલે. જો તેમની માંગને અવગણવામાં આવશે તો તેઓ સામૂહિક રાજીનામા આપશે અને ખુલ્લા વિરોધના માર્ગે ઉતરશે. સૂત્રોના જણાવ્યા મુજબ, કેટલાક કાર્યકર્તાઓ હવે આ મુદ્દે સમાધાન કરતાં સીધી ટક્કર માટે તૈયાર થઈ રહ્યા છે.

નવસારી શહેર કોંગ્રેસમાં ઊભેલી આ પરિસ્થિતિ માત્ર એક નિમણૂકનો વિવાદ નથી, પરંતુ સંગઠનની આંતરિક અસંતુલન અને નેતૃત્વ પ્રત્યે વધતા અસંતોષનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. હાલ સ્થિતિ એવી છે કે શહેર કોંગ્રેસમાં સળગતી ચિંગારી હવે ધીમે ધીમે ભડકામાં ફેરવાઈ રહી છે. હવે નજર આગામી બે દિવસ પર છે. નિર્ણયથી અસંતોષ શમશે કે પછી આ વિવાદ શહેર કોંગ્રેસમાં ખુલ્લી તૂટફૂટનું રૂપ લેશે?

# 13 વર્ષની કિશોરીને ગર્ભવતી બનાવનારને 20 વર્ષની કેદ

**પીડિતાને** 4 લાખ વળતર ચૂકવવાનો હુકમ કરતી અદાલત

વલસાડઃ વાપીના છીરી વિસ્તારમાં પોતાના વિસ્તારમાં રહેતી 13 વર્ષની કિશોરીને ભોળવી તેને ભગાડી લઇ જઇ ગર્ભવતી બનાવવાની ઘટનામાં સૂનવણી



હાથ ધરાતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એચ. એન. વકીલે આરોપીને દોષિત ઠેરવી તેને પોક્સોની કલમ હેઠળ 20 વર્ષની કેદ અને રૂ. 30 હજારનો દંડ ફટકાર્યો છે. તેમજ દંડની રકમ ન ભરે તો તેને વધુ એક વર્ષ કેદની સજા ફટકારતો હુકમ કર્યો હતો.
વાપીના છીરી વિસ્તારમાં રહેતા કિશન કેલાડી વર્મા (ઉં.25) એ તેના જ વિસ્તારમાં રહેતી 13 વર્ષની માસૂમ કિશોરીને પ્રેમજાળમાં ફસાવી હતી.

તે સ્કૂટી શિખવવાના બહાને તેને ઘરમાંથી બહાર લઇ ગયો હતો અને તેને લઇને કોલ્હાપુર ભાગી ગયો હતો. જોકે, કોલ્હાપૂર પોલીસે તેને પકડી પાડી બાળકીને બાળ સુધાર ગૃહમાં રાખી તેની જાણ તેના માતાપિતાને કરી હતી. બીજી તરફ તેના માતા પિતાએ તેની વિરૂદ્ધ વાપીના ડુંગરા પોલીસ મથકે ફરિયાદ પણ કરી હતી.

ત્યારે ડુંગરા પોલીસે કિશનની ધરપકડ કરી હતી. જેના વિરૂદ્ધ વાપી એડિશનલ સેસન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સૂનવણી બાદ જજે તેને દોષિત ઠેરવ્યો અને તેને 20 વર્ષ કેદની સજાનો હુકમ ફટકાર્યો હતો.

આ ચૂકાદો આપતા જજ એચ. એન. વકીલે આરોપીને દંડ ફટકાર્યો આ સાથે ગુજરાત વિક્ટીમ કમ્પેનસેશન સ્કીમ હેઠળ રૂ. 4 લાખનું વળતર ચૂકવી આપવાનો પણ હુકમ કર્યો છે.

# નવસારીમાં એક જ દિવસમાં તાપમાન ચાર ડિગ્રી ઘટી ગયું

**ઊંચા** ભેજના કારણે પાકમાં ફૂગજન્ય રોગો અને જીવાતોના ઉપદ્રવની શક્યતા

નવસારીઃ નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) દ્વારા જાહેર કરાયેલા છેલ્લા બે દિવસના હવામાન આંકડા મુજબ જિલ્લામાં મહત્તમ તાપમાનમાં ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, પરંતુ સવારના સમયે ભેજનું પ્રમાણ સતત ઊંચું રહેતાં વાતાવરણમાં ભેજભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. બદલાતા હવામાનના આ ટ્રેન્ડથી સામાન્ય જનજીવન, આરોગ્ય અને કૃષિ પર મિશ્ર અસર થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. તા. 25 ફેબ્રુઆરીએ મહત્તમ તાપમાન 34 ડિગ્રી અને લઘુત્તમ 17 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે 26 ફેબ્રુઆરીએ મહત્તમ તાપમાન ઘટીને 30 ડિગ્રી રહ્યું હતું અને લઘુત્તમ તાપમાન 18 ડિગ્રી નોંધાયું હતું. જોકે બંને દિવસ સવારની સાપેક્ષ ભેજ 95 ટકા જેટલી ઊંચી રહી હતી, જેનાથી વહેલી સવારે ભેજયુક્ત અને ભારે વાતાવરણનો અનુભવ થયો હતો. હવામાન નિષ્ણાતોના મતે તાપમાનમાં ઘટાડો હોવા છતાં ઊંચી ભેજના કારણે દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટ જેવી સ્થિતિ અનુભવાઈ શકે છે. ઊંચી ભેજના કારણે પાકમાં ફૂગજન્ય રોગો અને જીવાતોના ઉપદ્રવની શક્યતા વધી શકે છે. ખેડૂતોને ખેતરમાં રક્ષણાત્મક પગલાં લેવા નિષ્ણાતોએ સલાહ આપી છે.

# અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસમાંથી યુવાનની બેગ ચોરાઈ

વલસાડઃ પાલનપુરનો યુવાન અલ્પેશ પરમાર ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો હતો. સુરત સ્ટેશન પસાર થયા બાદ તે ઊંઘી ગયો હતો, ત્યારે અજાણ્યા શખ્સે તેની બેગ પર હાથ ફેરવી લીધો હતો. ચોરી ગયેલી બેગમાં અંદાજે રૂપિયા 6,850 કિમતી સામાન હોવાનું જાણવા મળ્યું છે. ઘટના અંગે જાણ થતાં જ મુસાફરે રેલવે પોલીસને ફરિયાદ નોંધાવી હતી. ટ્રેનોમાં આવી ચોરીના બનાવો વારંવાર બનતા હોવા છતાં અસરકારક રીતે રોકાયા નથી, જે મુસાફરો માટે ચિંતાનો વિષય છે. રેલવે પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.



# વલસાડ-ધરમપુર રોડ પર ST બસને અકસ્માત

વલસાડઃ વલસાડ એસટી ડેપોમાંથી બસીજે 18 ઝેડ 5777 વલસાડથી ધરમપુર જવા માટે 20 મુસાફર લઈને નીકળી હતી. વલસાડ-ધરમપુર રોડ, નંદીગ્રામ પાસે ચાલુ બસમાં અચાનક સર્જાયેલી ટેકનિકલ ખામીને લઈ ચાલકે કાબૂ ગુમાવતા બસ માર્ગની નીચે ઉતરી ગઈ હતી અને ઝાડ સાથે અથડાઈને ઊભી રહી ગઈ હતી. બસ જ્યારે અચાનક રોડ નીચે ઉતરી ત્યારે અંદર બેઠેલા મુસાફરોમાં ભારે ચીસાચીસ મચી ગઈ હતી. સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. પરંતુ અચાનક થયેલા આ અકસ્માતથી મુસાફરો ભારે ગભરાઈ ગયા હતાં.

# ડાભેલમાં ખેતરમાં ગૌવંશની કતલ, બે સામે ગુનો નોંધાયો

**આરોપીઓ** અંધારાનો લાભ લઈ સ્થળ પરથી ફરાર

નવસારીઃ જલાલપોરના ડાભેલ ગામમાં ખેતરમાં ગૌવંશની કતલ કરવામાં આવી હોવાની ઘટના સામે આવતા મરોલી પોલીસે બે શખ્સ સામે ગુનો નોંધ્યો છે. આરોપીઓ અંધારાનો લાભ લઈ સ્થળ પરથી ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ડાભેલ ગામના પાદર ફળિયા પાછળ આવેલા એક ખેતરમાં તા. 24 ફેબ્રુઆરીના રોજ ગૌવંશને લાવી કાયદેસર મંજૂરી વગર અને નિર્ધારિત સ્થળ સિવાય તેમની કતલ કરવામાં આવી હતી. આ કૃત્ય આર્થિક લાભ મેળવવાના હેતુથી કરવામાં આવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં મરોલી પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસ રેડ દરમિયાન આરોપીઓ અંધારાનો લાભ લઈ સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. ઘટનાસ્થળેથી અંદાજે રૂ.12 હજારની કિંમતના બે ગૌવંશના અવશેષો કબજે કરવામાં આવ્યા છે.આ બનાવ અંગે મહમદ ઉર્ફે ડુમ ઉસ્માન એકલવાયા (રહે. ડાભેલ) તથા એક અજાણ્યા શખ્સ સામે ગુ ગુનો નોંધવામાં આવ્યો છે.

# ખેરગામ ગોચર જમીન કેસમાં પાંચ મહિલાનો નિર્દોષ છૂટકારો

**જમીન** માપણી વિવાદ દરમિયાન નોંધાયેલા ગુનામાં વર્ષો બાદ રાહત, પુરાવાના અભાવે કેસ ખારિજ

**ચુકાદાથી** ખેરગામ પંથકમાં રાહતની લાગણી

નવસારી: ખેરગામ ખાતે ગૌચર જમીન સંબંધિત વિવાદ દરમિયાન નોંધાયેલા ગુનામાં પાંચ આદિવાસી બહેનોને કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવતા ખેરગામ પંથકમાં રાહતનો માહોલ જોવા મળ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલા આ કેસમાં પુરાવાના અભાવે આરોપીઓને નિર્દોષ ઠેરવતા ન્યાય મળ્યો હોવાની લાગણી વ્યક્ત થઈ રહી છે.

મળતી માહિતી મુજબ, ગૌચર તરીકે નોંધાયેલ જમીનની માપણી પ્રક્રિયા દરમિયાન થયેલા વિવાદ બાદ વર્ષ 2019માં ખેરગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસ બાદ મામલો ખેરગામની જુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલી રહ્યો હતો. કેસની સુનાવણી દરમિયાન બચાવ પક્ષ તરફથી એડવોકેટ પરેશકુમાર વાટવેયાએ રજૂઆત કરી હતી કે આરોપી બહેનો વિરુદ્ધ નોંધાયેલા આરોપોને સમર્થન આપે તેવા મજબૂત પુરાવા ઉપલબ્ધ નથી. સરકારી કાર્યવાહી દરમિયાન બનેલી પરિસ્થિતિને લઈને ગેરસમજના આધારે કેસ નોંધાયો હોવાની દલીલ પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. કોર્ટમાં રજૂ થયેલા સાક્ષી-પુરાવા અને બંને પક્ષોની દલીલોનો વિચાર કર્યા બાદ જુડિશિયલ મેજિસ્ટ્રેટે પાંચેય મહિલાઓને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.ચુકાદા બાદ પરિવારો અને સ્થાનિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

# સિસોદ્રા(આ)માં જાહેર સીમા દીવાલ તોડાતાં ગ્રામજનોમાં આક્રોશ

**ગામજનોના** સહયોગથી બનેલી પ્રોટેક્શન વોલને નુકસાન, સરપંચ દ્વારા રૂરલ પોલીસમાં લેખિત અરજી

નવસારીઃ જલાલપોર તાલુકાના સિસોદ્રા(આ) ગામમાં ગામતળની જાહેર જમીન પર બનાવવામાં આવેલી સીમા દિવાલ તોડી પાડવાની ઘટનાને લઈને ગ્રામજનોમાં ભારે રોષનો માહોલ સર્જાયો છે. આ બનાવ અંગે ગામના સરપંચ પ્રિયકાબેન રાઠોડ તથા ગ્રામ સમિતિ દ્વારા નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી કરવામાં આવી છે.

ગામની સીમા સુરક્ષિત રહે તેમજ ગામતળની જાહેર જમીન પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અથવા ગેરકબજો ન થાય તે હેતુથી ગામજનોના આર્થિક સહયોગથી પ્રોટેક્શન વોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, ગત 25 ફેબ્રુઆરીના રોજ મિનેષભાઈ પટેલ દ્વારા આ જાહેર દિવાલને તોડી પાડવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

સરપંચ દ્વારા પોલીસને આપવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે આ ઘટનાથી ગામની જાહેર મિલકતને નુકસાન થયું છે તેમજ ગામની સુરક્ષા અને વ્યવસ્થાને અસર પહોંચી છે. ગ્રામજનોમાં પણ આ ઘટનાને લઈને અસંતોષ અને રોષની લાગણી જોવા મળી રહી છે. બનાવને ગંભીર ગણાવી જવાબદાર વ્યક્તિ સામે લાગુ પડતા અન્ય કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે. અરજી સાથે ઘટનાસ્થળના ફોટોગ્રાફ્સ પુરાવા તરીકે પોલીસને સોંપવામાં આવ્યા છે. નવસારી રૂરલ પોલીસે અરજીના આધારે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. જે સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે.

# દમણની બંધ કંપનીમાં ચોરી કરવા ઘૂસેલા સાત ઝડપાયા

**કચીગામના** રાજકુમારે સાળા, ઓળખીતાને ચોરી કરવા બોલાવ્યા હતા



દમણ : બંધ કંપનીમાં ચોરો હાથફેરો કરી સામાનની ચોરી કરે તે પહેલાં જ દમણ પોલીસે 7 ચોરોની ધરપકડ કરી છે. દમણના કચીગામ પોલીસ મથકની ટીમ 19 અને 20 ફેબ્રુઆરીએ રાત્રે પેટ્રોલિંગ કરી રહી હતી. તે સમયે સોમનાથ સ્થિત આમ્પ્લાસ પોલિમર પ્રા. લિ. નામની બંધ કંપનીમાં કેટલાક ઈસમો ચોરીનો પ્રયાસ કરી રહ્યા છે તેવી જાણકારી મળી હતી. જેથી પોલીસે ત્યાં દરોડો પાડતા 4 ઈસમ પકડાઇ ગયા હતા. જ્યારે 3 જેટલા ઈસમો રાત્રિના અંધારામાં પલાયન થવામાં સફળ રહ્યા હતા. પોલીસે જગ્યા સ્થળ પર જ પકડાયેલા ઈસમોની સઘન પૂછપરછ કરતાં તેઓએ કંપનીમાંથી સ્પેનર અને છરી જેવા તિક્ષ્ણ હથિયાર વડે મશીનરીના કિંમતી પાર્ટ્સ કાઢવાનો પ્લાન ઘડ્યો હતો. જો કે, પોલીસે ભાગી છૂટેલા અન્ય ત્રણની પણ 23 ફેબ્રુઆરીના રોજ ધરપકડ કરી હતી. આરોપીઓમાં દમણના સોમનાથના દાનિશ મોહંમદ યાકુબ અને બર્કુ નિબર લોહાર, કચીગામના સુભાષ કમલેશ નિશાદ અને પ્રિન્સ હરેશગિરી, નેપાળનો રહેવાસી અબ્દુલ સલીમ મણીહાર, દમણના મહમ્મદ તાશિમ નશીમ મોહંમદ તથા વાપીના રાજકુમાર ફોટોલાલ મોર્યાનો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, આરોપી રાજકુમાર અગાઉ કચીગામ પોલીસના હાથે ઝડપાયો પણ હતો અને તેણે જ તેના સાળા અને ઓળખીતાને બોલાવીને બંધ કંપનીમાં ચોરીનો પ્લાન ઘડ્યો હતો.

# 'ડાંગ દરબાર'નો દબદબાભેર આરંભ

**ડાંગના** રાજવીઓનું યથોચિત સન્માન કરાયું, ડાંગના રાજવીઓની રાષ્ટ્રભક્તિને બિરદાવતા પ્રભારી મંત્રી જયરામભાઈ ગામીત



ગીરીશ ભોયે

સાપુતારાઃ અંગ્રેજોની આધિનતા નહીં સ્વીકારનારા ડાંગના રાજવીઓની શૌર્યગાથાનો ઉલ્લેખ કરીને, ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી જયરામભાઈ ગામિત સહિતના મહાનુભાવોએ 'ડાંગ દરબાર'ના ઐતિહાસિક કાર્યક્રમનુ ઉદ્ઘાટન કર્યું હતું. આદિવાસી સમાજની જીવનશૈલી, તેમનો પ્રકૃત્તિપ્રેમ, કલા વારસો વિગેરેને જાણવાનો અને માણવાનો અણમોલ અવસર પુરો પાડતા 'ડાંગ દરબાર'ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કરતા મંત્રી જયરામ ગામિતે રાજા, રજવાડાઓની માતૃભૂમિ પ્રત્યેની દેશભક્તિની અપ્રતિમ ચાહનાને યાદ કરતા, ડાંગ જિલ્લાના આ ઐતિહાસિક મહોત્સવને કારણે દેશની શુરવિરતા, શૌર્યગાથા, અને આદિવાસી ગૌરવને જાણવાનો અવસર પ્રદાન થાય છે તેમ ઉમેર્યું હતું.

ડાંગ દરબાર' ની પરંપરા અનુસાર પ્રતિવર્ષ આ કાર્યક્રમમા પધારતા રાજ્યપાલ, આ વેળા તા.૨જી માર્ચે આહવા ખાતે પધારી, ફરી એક વાર રંગ ઉપવનના આ જ રંગમંચ ઉપર રાજવીઓનું યથોચિત સન્માન કરશે તેમ પણ તેમણે ઉમેર્યું હતુ.ખૂબ જ સાદગીપૂર્ણ રહેણીકરણી ધરાવતા ડાંગ જિલ્લાના રાજવીઓની પરંપરા અને તેની ગરિમાપૂર્ણ ઉજવણીનો ઉલ્લેખ કરીને, 'ડાંગ દરબાર'ના આ ઐતિહાસિક લોકમેળાના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, ડાંગના રાજવીઓનુ પરંપરાગત સન્માન કરાયું હતું. પ્રત્યુત્તરમા ડાંગના રાજવીઓએ પણ ડાંગ પ્રદેશના સમગ્ર પ્રજાજનો વતી મહાનુભાવોને ધનુષબાણ અર્પણ કરી, અભિવાદન કર્યું હતું.

પ્રાસંગિક વક્તવ્યમાં લોકસભાના નાયબ દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે ડાંગ સહિત સમગ્ર રાજ્ય અને દેશના વિકાસની રફતારનો ખ્યાલ આપી, આગામી દિવસોમાં 'ડાંગ દરબાર' ની ઉજવણીને વધુ ગરિમાપૂર્ણ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કરતા કલેક્ટર શાલિની દુહાને સૌને 'ડાંગ દરબાર'મા આવકારી, હોળી-ધૂળેટીના તહેવારોની શુભકામના પાઠવી હતી. 'ડાંગ દરબાર'ના ઉદ્ઘાટન કાર્યક્રમ પૂર્વે ડાંગ જિલ્લાની ઐતિહાસિક પ્રણાલી અનુસાર ડાંગના માજી રાજવીઓની જિલ્લા સેવા સદન ખાતેથી નીકળેલી ભવ્ય શોભાયાત્રા, નગરના મુખ્ય માર્ગ ઉપર ફરી હતી. ઉદ્દઘાટન સમારોહના કાર્યક્રમની આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવાએ આટોપી હતી. ઉદ્દઘોષક તરીકે વિજયભાઈ ખાંભુ તથા તેમની ટીમ સેવા આપી હતી.

ડાંગ દરબાર'ના ઉદ્ઘાટન કાર્યક્રમના સાક્ષી બનવા માટે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ નિર્મળાબેન ગાઈન, તાલુકા પંચાયતના પ્રમુખ, ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવિત, ગુજરાત પ્રદેશ સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ ડો. પ્રદિપભાઈ ગરાસિયા સહિત જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ સહિત પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

# ચીખલીના ખાંભડામાં દીપડાનો ખેડૂત પર હુમલો



ધર્મેશ પટેલ

ઘેજઃ ચીખલી તાલુકાના ખાંભડા ગામે ખેતરમાં કામ કરી રહેલા વૃદ્ધ ખેડૂત પર દીપડાએ હુમલો કરતા વિસ્તારમાં ભય ઉભો થયો છે. દીપડાના ગુલમાં ઈજાગ્રસ્ત થયેલા ખેડૂતને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ખાંભડા ગામના કણબીવાડ વિસ્તારમાં રહેતા નટુભાઈ ગાંડાભાઈ પટેલ (ઉ.વ. 73) ગુરુવારની સવારે આશરે 7:30થી 8:00 વાગ્યાના સમય દરમિયાન ભવાની વડ નજીક નદી કિનારે આવેલા પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા. તે દરમિયાન ખેતરની ઝાડીઓમાં છુપાયેલા દીપડાએ અચાનક હુમલો કર્યો હતો. દીપડાના પંજાના ઘા લાગતા તેમના પેટ અને થાઈના ભાગે ઈજાઓ પહોંચી હતી. હુમલાને પગલે નટુભાઈએ બૂમાબૂમ કરતા દીપડો ત્યાંથી નાસી છૂટ્યો હતો.


નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાન્ચ નથી
916 હોલમાર્ક HUID દાગીનાનો આજનો ભાવ
₹1,42,990/- પ્રતિ 10 ગ્રામ
*શરતોને આધીન
ડાયમંડ • પ્લેટીનમ • ગોલ્ડ • સિલ્વર
આર.એ.પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ) મો. 9825558181